
## કિશોરી સાથે દુષ્કર્મ કરનારને 10 વર્ષની સાદી કેદની સજા

**ભોગ** બનનાર બાળકીને રૂપિયા એક લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કરાયો

વલસાડ : ધરમપુરમાં 14 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર આરોપી વિરૂદ્ધ ધરમપુરની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એમ. એ. મિર્ઝાએ આરોપીને 10 વર્ષની કેદ અને રૂપિયા 26 હજાર દંડની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

ધરમપુરના જીતેન્દ્ર ઉર્ફે જીતુ બુબુભાઇ કટારાએ 14 વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ કર્યું હતુ. જેની વિરૂદ્ધ પોલીસ ફરિયાદ થઇ હતી. ત્યારબાદ જીતુ વિરૂદ્ધ ધરમપુરની પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસમાં સરકારી વકીલની દલીલ બાદ જજે તેને દોષિત ઠેરવ્યો હતો અને તેને દસ વર્ષની કેદની સજા ફટકારી હતી. આ સાથે તેને રૂપિયા 26 હજારના દંડની સજા પણ કરાઇ હતી. તેમજ આ ગુનામાં ભોગ બનનાર કિશોરીને વળતર પેટે ગુજરાત વિક્ટીમ કોમ્પેન્શેશન સ્કીમ અંતર્ગત રૂપિયા 1 લાખ ચૂકવી આપવાનો પણ હુકમ જજે કર્યો હતો.



બીલીમોરા નગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે શહેરભરની જર્જરિત મિલકતોનો સરવે હાથ ધરાયો

## દિવા તળે અંધારું
## પાલિકાની પોતાની જ મિલકત જર્જરિત અને લોકોને નોટિસ

■ તમામ જર્જરિત મિલકતોને તાબડતોબ ભય મુક્ત કરાવવા નોટિસો ફટકારી ■ ચોમાસુમાં જર્જરિત મિલકતોને કારણે લોકોને મોટી આફતનો સામનો ન કરવો પડે તે માટે મિલકતોને ઉતારવાની કામગીરી ચાલુ

બીલીમોરા : બીલીમોરા નગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે શહેરભરની જર્જરિત મિલકતોનો સરવે અધિકારીઓએ હાથ ધર્યો હતો. જેમાં અંદાજિત ૧૪ જેટલી જર્જરિત મિલકતો મળી આવતા તમામ એવી મિલ્કતોને પાલિકાએ તાબડતોબ ભય મુક્ત કરાવવાની નોટિસો ફટકારી હતી. પણ પેલી કહેવત મુજબ દિવા તળે અંધારું પાલિકાની ખુદની બજાર વિસ્તારમાં આવેલી જૂની શાકભાજી માર્કેટની ભયજનક ઈમારત પાલિકા રીપેર કરાવશે ખરી.?

પાલિકા દ્વારા શહેરની તમામ ઈમારતો, મકાનો અને અન્ય બાંધકામનો સરવે હાથ ધરાયો હતો. તેમાં પણ ચોમાસા પૂર્વે જો કોઈ આવી અતિ જર્જરિત મિલકત નજરે પડે તો તેવી મિલકતોને ભય મુક્ત કરાવવાની અને તેવી મિલકતોને ઉતારી પાડવા માટે પાલિકા કામગીરી કરી રહી છે. નજીકના દિવસોમાં ચોમાસુ બેસશે ત્યારે લોકોને જર્જરિત મિલકતોને કારણે કોઈ મોટી આફતનો સામનો ન કરવો પડે તે માટે સરવે કરવામાં આવ્યો હતો, જેમાં શહેરમાંથી અંદાજિત ૧૪ જેટલી જર્જરિત મિલકતો હોવાને કારણે તેવી મિલકતો ભય મુક્ત કરાવવા નોટિસો અપાઈ રહી છે. આ પાછળ પાલિકાનો હેતુ લોકો સુરક્ષિત રહે અને સામા ચોમાસાની ઋતુમાં જો વધારે વરસાદ કે વાવાઝોડુ આવે તો તેવા સમયે લોકોના જાનમાલને આવી જર્જરિત મિલકત કોઈ નુકસાન ન પહોંચાડે તે માટે પાલિકા હાલ કામગીરી કરી રહી છે.

પાલિકાની કામગીરી આમ તો સરાહનીય છે પણ કેહવત છે ણે કે ચેરિટી બીગિન્ઝ ફ્રોમ હોમ મુજબ વર્ષોથી ભયના ઓથાર હેઠળ જીવના જોખમે પાલિકાની બજારમાં આવેલી જૂની શાકભાજી માર્કેટ અને દુકાનો અત્યંત ખરાબ હાલતમાં જોવા મળે છે. અને ગમે ત્યારે કોઈ મોટો અકસ્માત સર્જી શકે છે. ત્યારે જરૂરી એ છે કે પાલિકા એના તાબા હેઠળની આ જર્જરિત ઈમારત માટે પ્રથમ પ્રાથમિકતાના ધોરણે ચોમાસા પહેલા યોગ્ય પગલા ભરે.



કેરસી બારીયા





### આ ૧૪ મિલકતોને નોટિસ અપાઈ

૧. શ્રોફ એપાર્ટમેન્ટ ગુપ્તા હોસ્પિટલની બાજુમાં
૨. અષ્ટમંગલ એપાર્ટમેન્ટ, વખારિયા બંદર રોડ
૩. વૃંદાવન એપાર્ટમેન્ટ, ચીમોડીયા નાકા
૪. શાંતિ એપાર્ટમેન્ટ બે, ત્રણ અને ચાર, અનાવિલ વાડીની બાજુમાં
૫. સંકેત એપાર્ટમેન્ટ વાંકા મૌલ્લા, પાણીની ટાંકીની બાજુમા
૬. સંકલ્પ એપાર્ટમેન્ટ જલારામ ખમણની બાજુમાં ગોહરબાગ
૭. સુખસાગર એપાર્ટમેન્ટ બીડીબી ચાલ પાસે
૮. કાદંબરી એપાર્ટમેન્ટ, ગૌરવપથ.
૯. ઠાકોરધામ એપાર્ટમેન્ટ, સોમનાથની બાજુમાં
૧૦. શુભલક્ષ્મી એપાર્ટમેન્ટ, વણકર ટેકરા
૧૧. માતૃછાયા એપાર્ટમેન્ટ, સ્નેહલ હોસ્પિટલ પાછળ
૧૨. કૃષ્ણકૂજ એપાર્ટમેન્ટ, એ.બી.સી. ગોહરબાગ
૧૩. આનંદ બજાર, સ્ટેશન રોડ
૧૪. પાર્વતી એપાર્ટમેન્ટ, સ્ટેશન મસ્જિદની બાજુમાં

### શહેરમાં હજી ઘણી ઇમારતો જર્જરિત છે

પાલિકાએ હાલ ૧૪ જેટલી શહેરની જર્જરિત ઇમારતોને ચોમાસા પહેલા રીપેર કરવા નોટિસ આપી છે, જે આંકડો વધી પણ શકે છે. કેમકે આ સિવાય હજી પણ ઘણી ઇમારતો શહેરમાં છે જે જર્જરિત છે જેને પણ નોટિસ આપવાની તજવીજ પાલિકાએ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની એલ. જી. હરિઆ સ્કૂલનું 100% ટકા પરિણામ



વાપી : વાપીની એલ.જી.હરિઆ મલ્ટી પર્પસ સ્કૂલના સીબીએસસી બોર્ડનું ધોરણ 10 અને ધોરણ 12 સાયન્સ અને કોમર્સમાં 100 % ટકા પરિણામ આવ્યું છે. શાળાનાં આચાર્ય બિન્ની પોલ, ટ્રસ્ટી તથા શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. ધોરણ 10માં પ્રથમ ક્રમે 1. દિશા એ. સહા 95.20% દ્વિતીય ક્રમે 2. ચૈત્રાલી મહેશ તમહાને 94.40% અને તૃતીય ક્રમે 3. સાલવી અનિલ કુશવાહા 93.60% મેળવ્યા હતા. ધોરણ 12 માં પ્રથમ ક્રમે 1. ઓમકાર કૈલાસ સોલટ 94.2% દ્વિતીય ક્રમે 2. આદિત્ય રાકેશ પંડિત 92.6% અને તૃતીય ક્રમે 3. શ્રેયા ઉપેન્દ્ર ઉપાધ્યાયે 92.00% મેળવ્યા હતા. શાળાની ધોરણ 10 ની વિદ્યાર્થિની દિશા સહા અને કાજલ કામલીએ સામાજિક વિજ્ઞાન વિષયમાં 100 માંથી 100 ગુણ પ્રાપ્ત કર્યા છે. દિશા સહા અને ધૈર્યા કપૂરીયાને કમ્પ્યુટર વિષયમાં 100 માંથી 99 ગુણ પ્રાપ્ત થયાં છે. ધોરણ 12 માં શ્રેયા ઉપાધ્યાય અને પ્રીતિ શર્માએ મનોવિજ્ઞાન વિષયમાં 100 માંથી 100 ગુણ પ્રાપ્ત કર્યા છે. સાગર શુક્લાએ ઇકોનોમિક્સ વિષયમાં 100 માંથી 99, ઓમકાર સોલતે ગણિત વિષયમાં 100 માંથી 99 તથા આદિત્ય પંડિતે ફિઝિકલ એજ્યુકેશન (PE) વિષયમાં 100 માંથી 99 ગુણ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે.

### દમણમાં અધિકારીઓને કામો સમયસર પૂર્ણ કરવા સાંસદની તાકીદ

દમણ: સંઘપ્રદેશ દમણ જિલ્લા પંચાયતના સભાખંડમાં આજરોજ દિશા સમિતિની પ્રમથ બેઠકનું આયોજન થયું હતું. દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલની અધ્યક્ષતામાં આયોજિત આ બેઠકમાં સાંસદે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની પ્રગતિ અને તેના અમલીકરણ અંગે સમીક્ષા કરી ઉપસ્થિત અધિકારીઓ પાસેથી પંચાયત વિસ્તારમાં ચાલતી તમામ કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓની સ્થિતિ વિશે જરૂરી માહિતી લીધી હતી. સાંસદે બેઠક દરમ્યાન અધિકારીઓ અને ઉપસ્થિત સભ્યોને ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા અંગે તેમની જવાબદારીઓ વિશે માહિતગાર કર્યા હતા. આ સાથે જ શિક્ષણ, ગ્રામીણ વિકાસ, કનેક્ટિવિટી, પાણી, આરોગ્ય, સ્વચ્છતા, રોજગાર, કૌશલ્ય, વિકાસ જેવા મુદ્દાઓને આવરી લેતી અનેક યોજનાઓ સાથે સંબંધિત ડેટાથી માહિતગાર કરી તમામ કામો સમયસર પૂર્ણ કરવા તાકીદ કરી હતી. આ બેઠકમાં દમણના નાયબ કલેક્ટર, જિલ્લા પંચાયતના મુખ્ય કારોબારી અધિકારી, મામલતદાર અને વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વાપીના ડુંગરામાં છેતરપિંડીના ગુનામાં મહિલાને ત્રણ વર્ષની કેદ

વાપી : વાપીના છીરી ગામે રહેતી સૈઈનુનીશા અબ્દુલહામીદ શેખે ઈફ્ત મારૂફ ચૌધરી સાથે વર્ષ 2023 માં મુલાકાત કરી પુત્રીના લગ્ન માટે રૂપિયા 7 લાખની લોન અપાવવા વાતચીત કરી હતી. બાદમાં યુનિટી સ્મોલ ફાઈનાન્સ બેંક, આઈડીએફસી ફર્સ્ટ બેંક, એસએફ સ્મોલ ફાઈનાન્સમાંથી કુલ રૂપિયા 1.82 લાખની ગૃપ લોન મેળવવા અરજી કરી હતી અને ઈફ્તે ત્રણેય લોનની રકમ મંજૂર કરાવી હતી. પણ સૈઈનુનીશાને થોડા દિવસમાં લોન મંજૂર થશે એમ જણાવ્યું હતું. ચાર મહિના બાદ લોનના હપ્તાની ઉઘરાણી કરાતા હાથ ધરેલી તપાસમાં ઈફ્ત ચૌધરીએ બેંક એકાઉન્ટમાં જમા થયેલા નાણા જાણ બહાર એટીએમ અને યુપીઆઈ આઈડી બનાવી ઉપાડી લીધા હતાં. ઈફ્ત ચૌધરીએ વારંવાર નાણાંની માગણી કરાતા આપેલા બે ચેકો પણ રિટર્ન થયા હતાં. સાથે ઈફ્ત ચૌધરીએ સૈઈનુનીશાની જેઠાણી ફાતેમા શેખના નામે ફાઈનાન્સ કંપનીમાંથી રૂપિયા 72,283 ની લોન મેળવી નાણા ઉપાડી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે ડુંગરા પોલીસે ફરિયાદના આધારે ઈફ્ત ચૌધરી સામે ગુનો નોંધી ધરપકડ કર્યા બાદ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. વાપી કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં સરકારી વકીલ રાકેશ પટેલે પુરાવા સાથે કરેલી દલીલો બાદ જજ એમ.જે.કીકાણીએ આરોપીને તકસીરવાર ઠેરવી ત્રણ વર્ષ કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો સાથે સૈઈનુનીશા અને ફાતિમા શેખને લોનની રકમ ભરવા રૂપિયા 3 લાખ અને ખર્ચ પેટે રૂપિયા 30 હજારનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

### ડાંગ જિલ્લામાં વારલી ચિત્રકલા વર્કશોપ યોજાયો



ગીરીશ ભોયે

સાપુતારા : આહવા ખાતે સ્વસહાય જૂથની મહિલાઓ માટે વારલી પેન્ટિંગનો વર્કશોપ યોજાયો હતો. આ કાર્ય શિબિરમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શિવાજી તબિયાડ અને ઇન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી આર.બી.ચૌધરીએ અધ્યક્ષ સ્થાન શોભાવ્યુ હતુ. મુંબઇ સ્થિત ગૌરવી દુશાણે, જેઓ આહવાના પુત્રવધૂ છે અને છેલ્લા 15 વર્ષથી વારલી ચિત્રકલા ક્ષેત્રે સંશોધન અને પેઇન્ટિંગ કરી રહ્યા છે, તેમણે આદિવાસી મહિલાઓને વિનામૂલ્યે અનુભવનો લાભ આપવાનો ઉમદા હેતુ રાખ્યો છે. આ કાર્યશાળામાં મહિલાઓને વારલી પેન્ટિંગ માટેની કીટ આપવામાં આવી હતી. એન.આર.એલ.એમ. અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી આયોજિત આ વર્કશોપ સ્વસહાય જૂથની બહેનો માટે અમૂલ્ય તક સાબિત થઈ છે.

## ગણદેવીમાં બે સંતાનની વિધવા માતાની આત્મહત્યાથી ચકચાર

બીલીમોરા : ગણદેવીમાં રહેતી 35 વર્ષની વિધવા રેખાબેન પટેલ પતિના મૃત્ય બાદ માનસિક રીતે અસ્તવ્યસ્ત રહેતી હતી. તેણીએ ફાંસો ખાઈને મોત વહાલું કરતા ચકચાર મચી જવા પામી છે.

ગણદેવી પાવર હાઉસની સામે રહેતી રેખાબેન ભરતભાઈ પટેલ પતિના અવસાન બાદ ગણદેવી પિયર 14 વર્ષના પુત્ર ધ્રુવ તથા 12 વર્ષની પુત્રી હર્ષિતાને લઈને આવી ગઈ હતી. પતિ ભરતના મૃત્યુ બાદ રેખાબેન માનસિક રીતે અસ્તવ્યસ્ત રહેતી હતી. રેખાબેને ઘરમાં લાકડાના દાંડા સાથે ઓઢણીનો એક છેડો બાંધી બીજો છેડો પોતાના ગળાના ભાગે લપેટી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. બનાવની જાણ ગણદેવી પોલીસને ભાવેશ બાબુભાઈ પટેલે કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પારડીની આંબાવાડીઓમાં કેરીના ફ્લાવરિંગમાં રોગ-જીવાત બાદ માવઠું, પાકમાં નુકશાની

**દરેક** ક્રોપમાં MSB નક્કી થઈ છે, ત્યારે આંબાના પાકમાં પણ MSB નક્કી કરી નુકસાનીને ઇન્સ્યોરન્સમાં કવર કરવાની માંગ



અમૃત પટેલ

પારડી : કમોસમી વરસાદને કારણે પારડી તાલુકાના આંબાવાડીઓમાં તૈયાર કેરીનો પાક પડી જતા માર્કેટમાં નીચા ભાવો બોલાતા ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે પારડી તાલુકાના પલસાણા ગામના ખેડૂત હર્ષદ દેસાઈએ જણાવ્યું હતું કે, કેરીના પાકમાં છ માસથી જ નુકસાની વર્તાઈ રહી છે. નવેમ્બર માસમાં પ્રોપર ફ્લાવરિંગ આવ્યા બાદ ક્લાઈમેટ ચેન્જ, રોગ જીવાતને કારણે આંબાવાડીઓમાં વ્યવસ્થિત કેરીનો પાક તૈયાર થયો ન હતો, જેના કારણે કેરીનો પાક ઓછો આવ્યો હતો, અને હાલ માવઠાને લઈ નુકસાનીમાં વધારો થતા ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. જ્યારે કેરીનો તૈયાર પાક નીચે ઉતારવાનો હતો, ત્યારે વાવાઝોડા આવતા કેરીઓ નીચે ખરી પડી હતી. જેના કારણે બજારમાં કેરીના ભાવો ઉતર્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે વેપારીઓના સંગઠન સામે ખેડૂતોનું સંગઠન નથી, તેમજ સરકાર તરફથી કોઈ ખાસ સહાય નથી. દરેક ક્રોપમાં એમએસબી નક્કી થઈ છે, ત્યારે આંબાના પાકમાં પણ એમએસબી નક્કી કરવામાં આવે તેમજ નુકસાનીને ઇન્સ્યોરન્સમાં કવર કરવાની માંગ કરવામાં આવી હતી. જેથી કરી ભવિષ્યમાં ખેડૂતો ખેતીને ટકાવી શકશે. એપીએમસી માર્કેટમાં કેરીના ભાવ જોઈતા મળતા નથી તેમજ કેટલીક પ્રાઈવેટ માર્કેટોમાં નિયમ વિરૂદ્ધ ખેડૂતો પાસે 10% કમિશન લેવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. વલસાડ જિલ્લાની વિશ્વ પ્રખ્યાત હાફૂસ કેરીનો પાક ભવિષ્યમાં પણ ટકાવી શકાય તે માટે ખેડૂતોને સહાય આપવા માંગ કરી હતી.

## કલેક્ટરની 9 ફૂટથી ગણેશ પ્રતિમા બનાવવાના જાહેરનામા સામે ગણેશ મંડળોને આચકો લાગ્યો

**શ્રીજી** પ્રતિમાની ઉંચાઈ બાબતે નવસારીના ગણેશ મંડળોએ ભાજપના નેતાઓને રજૂઆત કરી



નવસારી : નવસારી કલેક્ટરે 9 ફૂટથી વધુ ઉંચાઈની પ્રતિમા બનાવવા, લાવવા, સ્થાપના કરનાર અને વિસર્જન કરનાર સામે ગુનો નોંધવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. જેથી નવસારીના ગણેશ મંડળોએ શ્રીજી પ્રતિમાની ઉંચાઈને લઈ હવે ભાજપના નેતાઓને રજૂઆત કરી છે.

નવસારી પ્રાંત અધિકારી ડો.જનમ ઠાકોરે જાહેરનામા અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે, કોઇ મૂર્તિકાર 9 ફુટથી વધારે ઉંચાઇની પ્રતિમા બનાવશે કે કોઇ આયોજકો 9 ફુટથી વધારે ઉંચાઇની પ્રતિમાની સ્થાપના કરશે તો તેઓ ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરંતુ નવસારીમાં ગણેશ મંડળો દ્વારા 9 ફૂટથી વધુની ઉંચાઈ ધરાવતી શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે. ત્યારે કેટલાક ગણેશ મંડળો દ્વારા શ્રીજીની ઉંચી પ્રતિમા બનાવવા માટે મૂર્તિકારોને ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. જેના પગલે કલેક્ટરના જાહેરનામાંથી કેટલાક ગણેશ મંડળોને આચકો લાગ્યો છે.

કલેક્ટરના આ જાહેરનામાને પગલે મૂર્તિકારો 9 ફૂટથી વધુ ઉંચાઈની પ્રતિમા બનાવી રહ્યા નથી. ત્યારે નવસારીના ગણેશ મંડળોમાં નારાજગી વ્યાપી ગઈ છે.

આ બાબતે નવસારી શહેર ગણેશ મંડળ દ્વારા પ્રતિમાની ઉંચાઈમાં છૂટછાટ આપવાની માંગ કરી નવસારી પ્રાંત અધિકારીને રજૂઆત કરી હતી. પરંતુ પ્રાંત અધિકારીએ તેમની રજૂઆત ન સ્વીકારી કલેક્ટરના જાહેરનામાનું પાલન કરવાની નસિયત આપી હતી. જેથી હવે ગણેશ મંડળો નવસારીના ભાજપના નેતાઓને રજૂઆત કરી શ્રીજીની પ્રતિમાની ઊંચાઈમાં છૂટછાટ આપવાના મુદ્દે મધ્યસ્થી કરી ઉકેલ લાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

## તવડી રેલ્વે બ્રિજ પાસે યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

નવસારી : તવડી રેલ્વે બ્રિજ પાસે અજાણ્યા યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે.

વિરાવળ ગામ પાસે પૂર્ણા નદીના ઉપર આવેલા તવડી રેલ્વે બ્રિજ પાસે ખાંજણામાં આવેલા આંબલીના ઝાડ સાથે એક અજાણ્યા યુવાને (ઉ.વ.આ. 25 થી 30) માથે બાંધવાના મોટા રૂમાલ વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે નવસારી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. જ્યારે પોલીસે નરેશભાઈ પટેલની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એચ.આર. બારોટે હાથ ધરી છે.

## નવસારી જિલ્લામાં બે સ્થળેથી વિદેશી દારૂ ભરેલા વાહન સાથે 4 ઝડપાયા

**બોરીયાચ** ટોલનાકા પાસેથી પીકઅપમાં ડાંગરના પુળેતિયાની આડમાં લઇ જવાતો વિદેશી દારૂ ઝડપાયો

નવસારી : નવસારી જિલ્લામાં બે અલગ-અલગ જગ્યાએથી નવસારી એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે 4.01 લાખના વિદેશી દારૂ ભરેલા વાહન સાથે 4ને ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ, નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે બાતમીના આધારે બોરીયાચ ટોલનાકા પાસેથી એક પીકઅપને રોકી તપાસ કરી હતી. જેમાંથી ડાંગરના પુળેતિયાની આડમાંથી પોલીસને 2,54,400 રૂપિયાની વિદેશી દારૂની 1392 નંગ બાટલીઓ મળી આવતા સેલવાસ રહેતા સિદ્ધાર્થ તેમજ સેલવાસમાં રહેતા પ્રદીપને ઝડપી પાડ્યા હતા. પોલીસે પૂછપરછ કરતા સેલવાસમાં રહેતો રાહુલ પટેલ પીકઅપ ટેમ્પામાં ડાંગરના પુળેતિયાની આડમાં વિદેશી દારૂ ભરી લાવી સેલવાસ-નરોલી વાળા રસ્તામાં પર અમને આપી ગયો હતો અને સચિન ઓવરબ્રિજ પાસે પહોંચી ટેમ્પો ઉભી રાખી તેને ફોન કરવા માટે જણાવ્યું હતું. જેથી પોલીસે રાહુલ પટેલને વોન્ટેડ જાહેર કરી 7,64,400 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે બાતમીના આધારે બોડવાંક રહેતા વિમલના ઘર પાસે છાપો માર્યો હતો. જ્યાંથી પોલીસે નંબર વગરની સ્વીફ્ટ કારમાંથી ટવેરા કારમાં કાર્ટિંગ કરતા 1,46,600 રૂપિયાની વિદેશી દારૂની 416 નંગ બાટલીઓ મળી આવી હતી. જેથી પોલીસે સુરત વેડ રોડ અખંડઆનંદ કોલેજની બાજુમાં વિરામનગર શ્રીકૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેતા કલ્પેશ અને નેહલને ઝડપી પાડ્યા હતા. જ્યારે પોલીસે ચીખલી તાલુકાના બોડવાંકમાં રહેતા વિમલને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે વિદેશી દારૂ સહીત 6 લાખની 2 કાર અને 10 હજાર રૂપિયાના 2 મોબાઈલ મળી કુલ્લે 7,56,600 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૧/૦૧/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. ભરતભાઈ રમણભાઈ પટેલ, ૨. મંજુલાબેન ભરતભાઈ પટેલ,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૪,૧૨,૯૪૯.૫૮(અંકે રૂપિયા ચાર લાખ બાર હજાર નવસો ઓગણપચાસ અને અઠાવન પૈસા પુરા) તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૮ મી મે ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૪,૧૨,૯૪૯.૫૮(અંકે રૂપિયા ચાર લાખ બાર હજાર નવસો ઓગણપચાસ અને અઠાવન પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગામતળની જમીન ઉપર બંધાયેલ મિલકત જેનો ઘર નં.૬૨, જેનું માપ આશરે ૨૨ × ૩૦ ચો.ફુટ, ગામ મોતીવાડા, તાલુકા : પારડી, જીલ્લો : વલસાડ, ગુજરાત–૩૯૬૧૮૫ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : સુભાષભાઈ ચમરભાઈ પટેલ, પશ્ચિમ તરફ : ધનસુખભાઈ લાલુભાઈ પટેલ, ઉત્તર તરફ : મુકેશભાઈ રણછોડભાઈ પટેલ, દક્ષિણ તરફ : કેસુભાઈ મણીલાલ પટેલ આવેલ છે.

**સહિ/–**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ**
**(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**

**તારીખ : ૦૮/૦૫/૨૦૨૫**
**સ્થળ : ગુજરાત**
**લોન ખાતા નં.: ૬૩૭૭૯૦૩૪**